# પ્રેસનોટ

સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ડેન્ગ્યુ-મેલેરીયા મુકત ગુજરાત વર્ષ-૨૦૩૦ તેમજ પ્રિમોન્સન ઋતુની કામગીરીના અભિયાન અંતર્ગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી:-

હાલમાં મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૩૦ તેમજ પ્રિમોન્સુનની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા વેસ્ટઝોન (રાંદેર)ના ડે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળની મિટિંગમાં આપવામાં આવેલ સૂચના મુજબ મેલેરીયા મુક્ત ગુજરાત વર્ષ-૨૦૩૦ અભિયાન અંતર્ગત સુરતને મેલેરીયા મુક્ત કરવા મચ્છર ઉત્પત્તિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વેસ્ટઝોન (રાંદેર) કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ બાંધકામો તેમજ ખુબ્લા પ્લોટ માં વિવિધ પ્રિમાઈસીસમાં પ્રિમોન્સુનની કામગીરી દરમ્યાન એન્ટી-લર્વાલની કામગીરીનું કોસ ચેકીંગ કરતાં બાંધકામો માંથી મચ્છરના ઉત્પતિ સ્થાનો મળતા તેમજ ખુબ્લા પ્લોટમાં ખામી જણાતા નીચે જણવેલ ઈસમો પાસેથી વહીવટી ચાર્જ વસૂલ કરવામાંઆવેલ છે.

પાલ વિસ્તારમાં ભૂલકાં ભવન સ્કૂલ સામે આવેલ બાંધકામ માંથી રૂા.૫૦૦૦/-, પાલનપુર વિસ્તારમાં આવેર બાંધકામ મંથન રો હાઉસ માંથી રૂા.૧,૦૦૦/- પાલનપોરગામ ગૌરવપથ વિસ્તારમાં રાજકોર્નર પાસે ટી.પી-૧૦માં આવેલ બાંધકામમાંથી રૂા.૫,૦૦૦/- તેમજ કેનારોડ રોયલ પ્લેટીનમ પાસે આવેલ ખુબ્લા પ્લોટ રૂા.૨,૫૦૦/- રાંદેર વિસ્તારમાં આવેર બાંધકામ (૧) શાંતવન લેગેન્સી ભેસાણ રોડ બાંધકામ રૂા.૫,૦૦૦ અને ઈચ્છાપોર ખાતે આવેલ બાંધકામ (૧) મહારાજા બાંધકામ રૂા૨,૦૦૦/- (૨) જી.આઈ.ડી.સી. બાંધકામ રૂા.૧૫૦૦- જે બાંધકામો માંથી કુલ ૫૯૪ સર્વે કરેલ સ્પોટ માંથી કુર-૦૯ જગ્યાએ બ્રિડીંગ મળી આવેલ જે ખામી બાબતે કુલ-૦૭ ઈસમો પાસે થી કુલ - ૨૨,૦૦૦/- વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ તેમજ વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ તમામ કુલ-૧૧૩ બાંધકામમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરની ઉત્પતિ ન થાય તે બાબતે નોટીસ પાઠવવામાં આવેલ.

આથી તમામ બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધઘર, કોર્મશીયલ ધારકોને વિસ્તારમાં જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ મિલકતોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે-તે બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધઘર, કોર્મશીયલમાં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેગેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, મની પ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું, જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી. તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખશો તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેગેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર સેવા સદન તરફથી
સાદર સમાચાર યાદી નં. ૬૮
તા. ૦૭/૦૬/૨૦૨૪